# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-10-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Dussehra celebration

રાજ્યભરમાં ગઈકાલે દશેરાપર્વની ભારે શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અનેક સ્થળોએ રાવણદહન, શસ્ત્રપુજા અને ધાર્મિક વિધી યોજાઈ હતી.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છ કે, મોડાસા ખાતે રેલવે ગ્રાઉન્ડ પર અરવલ્લી દશેરા ઉત્સવ સમિતિ દ્વારા રાવણ દહન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. રાજસ્થાનના કારીગરો દ્વારા રાવણનું પૂતળું બનાવવામાં આવ્યું હતું અને સંધ્યા સમયે ભારે આતશબાજી કરવામાં આવી હતી. આ પહેલાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધી મુનીરા શેખ જણાવે છે કે, વાસુરણા સ્થિત 'તેજસ્વિની સંસ્કૃતિ ધામ' ખાતે 'આપણી સંસ્કૃતિ, આપણી વિરાસત' ની વિભાવના સાથે 'દશેરા' પર્વની ઉજવણી કરાઈ હતી.

શૌર્ય અને વિજયના આ પર્વે ડાંગ પ્રદેશના ભૂતપૂર્વ રાજવી પરિવારોના વારસદારોના પ્રતિનિધિ એવા વાસુરણાના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીનું પૂજન અર્ચન કર્યું હતું.

-------------------------------------------------------------------

- -પીટીસી અરવલ્લી, ડાંગ અનિલ -(NAVIN)

# Red Cross Society Bhavnagar

રેડક્રોસ સોસાયટી ભાવનગરને રાજ્ય કક્ષાના 7 એવોર્ડ એનાયત કરાશે. 14 ઓક્ટોબરે ગાંધીનગરમાં યોજાનાર સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ભાવનગર રેડક્રોસના હોદ્દેદારોને એવોર્ડ  એનાયત કરાશે.

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગરની અનેક માનવતાવાદી સેવાઓને ધ્યાનમાં રાખીને વર્ષ 2022-23 અને 23-24 ના વર્ષના કુલ સાત એવોર્ડ આપવામાં આવશે, જેમાં ભાવનગર રેડક્રોસને રાજ્યમાં દેહદાન, ચક્ષુદાન અને અંગદાન સેવાઓ માટે પ્રથમ અને વર્ષ 22-23 માં શ્રેષ્ઠ જિલ્લા શાખામાં બીજા ક્રમે તથા પ્રાથમિક સારવાર અને જુનિયર રેડક્રોસ સેવાઓ માટે બીજા ક્રમના એવોર્ડ જ્યારે વર્ષ 23-24 માટે રેડક્રોસ ભાવનગરને રાજ્યની શ્રેષ્ઠ શાખા તરીકે પ્રથમ ક્રમાંકનો એવોર્ડ તેમજ પ્રાથમિક સારવારની સેવાઓ અને અંગદાન, ચક્ષુદાન અને દેહદાનમાં રાજ્યની શ્રેષ્ઠ સેવાઓ નો એવોર્ડ આપવામાં આવશે.

------------------------------------------------------------------

- પીટીસી ભાવનગર બકુલા

-(NAVIN)

# RAIN

આજે સવારે 6 વાગે પુરા થયેલા 24 કલાકમાં 93 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ જુનાગઢ જિલ્લાના માળીયા હાટીનામાં પડયો હતો. જયારે જેતપુર, જામજોધપુર તાલુકામાં અઢી અઢી ઇંચ અને ગણદેવી તથા અમીરગઢ તાલુકામાં બે – બે ઇંચ વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે આજે પંચમહાલ, દાહોદ, મહિસાગર, સુરત, ડાંગ, નવસારી, તાપી અને દમણ, તથા સૌરાષ્ટ્રનાં જુનાગઢ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. અમદાવાદમાં આજે અને આવતી કાલે વરસાદની સંભાવના છે.

દરમિયાન, તાપી જિલ્લાના ઉપરવાસમાં પડેલા વરસાદ વચ્ચે 1 લાખ 13 હજાર ક્યુસેક પાણીની આવક થતાં ઉકાઈ ડેમના 10 દરવાજા પાંચ ફૂટ ખોલી તાપી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. ડેમમાંથી 1 લાખ 13 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હાલ ડેમની સપાટી 344.96 ફૂટ છે, જ્યારે ભયજનક સપાટી 345 ફૂટની છે.

---

- યાદી. પીટીસી તાપી અનિલ

-(NAVIN)

# Child death

માળિયાના જખરીયા વાંઢ વિસ્તારમાં તળાવમાં ડુબી જવાથી બે બાળકીના મૃત્યુ થયા હતા. કપડા ધોવા ગયેલી માતા તેની સાથે ચાર વર્ષની બે બાળકીઓને સાથે લઇ ગઈ હતી.

માતાનું ધ્યાન કપડા ધોવામાં હતું ત્યારે બંને બાળકી કોઈ કારણોસર તળાવમાં ડૂબી ગઈ હતી. આસપાસના લોકોએ બંને બાળકીઓને બહાર કાઢીને માળિયા રેફરલ હોસ્પિટલ લઇ ગયા હતા. બંને બાળકીઓના શ્વાસ અને હૃદયના ધબકારા બંધ હતા. ડોક્ટરેની ટીમે પમ્પીંગ કરતા એક બાળકીમાં શ્વાસ આવ્યા હતા પરંતુ એકનું મોત થયું હતું. જીવિત બાળકીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત મોરબી સારવાર માટે લઇ જવામાં આવતી હતી ત્યારે રસ્તામાં તેનું મૃત્યું થયું હતું

---

- પીટીસી મોરબી – અનિલ પટેલ -(NAVIN)

# Mehsana Duplicate Ghee

મહેસાણા જિલ્લાની કડી જીઆઇડીસી ખાતેથી ભેળસેળયુક્ત ઘી નો જથ્થો ઝડપાયો છે. અન્ન વિભાગના અધિકારીઓએ નકલી ઘીનો વેપાર થઈ રહ્યો હતો તે ભાડાનાં મકાનમાં દરોડો પાડીને એક કરોડ 24 લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘીમાં પામ ઓઇલની મોટી માત્રા હતી. આ કાર્યવાહીમાં મહેસાણા પોલીસ તેમજ FSL વિભાગ ની ટીમ પણ જોડાઈ હતી.

---------------------------------------------------------------------

- પીટીસી મહેસાણા અનિલ -(NAVIN)

# Vikas Saptah Patan

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે ગઇકાલે પાટણમાં જિલ્લાના 49 કરોડ 57 લાખ રૂપિયાનાં 186 વિકાસ કાર્યોનું ખાતમુર્હુત/લોકાર્પણ કર્યું હતું, જેમાં શિક્ષણ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, આયોજન, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો સમાવેશ થાય છે.

પાટણ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે વિકાસ સપ્તાહ ઉજવણી સમારોહમાં શ્રી રાજપુતે જણાવ્યું કે, પ્રધાનમંત્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમનાં ૨૩ વર્ષના શાસનમાં કરેલા કામોની નોંધ વિશ્વએ લીધી છે. ૨૩ વર્ષના વિકાસના લીધે ગુજરાતની માથાદીઠ આવક અને ઉત્પાદન ક્ષેત્રમાં વધારો થયો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ચારણકા ગામે સૌર ઉર્જા પ્લાન્ટને કારણે ગુજરાત વીજળી ક્ષેત્રે સરપ્લસ રાજ્ય બન્યું છે.

-----------------------------------------------------------------------

- -પીટીસી પાટણ અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................